# ઉતરાયણમાં શહેર-જિલ્લામાં ૨૯ નાગરીકોને દોરીથી ઈજા

## ગાંધીનગર સિવિલમાં ઘાયલોએ સારવાર મેળવી, ૧૪મીએ ૨૬ અને ૧૫મીએ ૩ વ્યકિત ઘાયલ થયા

ગાંધીનગર, તા.૧૫

ઉતરાયણની મજા ક્યાંક સજામાં ના ફેરવાઈ જાય તે માટે તંત્ર દ્વારા સતત પોતાની સલામતી માટે ધ્યાન રાખવા માટે જણાવવામાં આવે છે. પતંગની કાતિલ દોરીથી પક્ષીઓ તો ઘાયલ થાય છે. પરંતુ આ દોરીથી બાઈક ચાલકો પણ ઈજાગ્રસ્ત બને છે.

ટુ-વ્હીલર લઈને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોના ગળાના ભાગે અચાનક દોરી આવી જતા ચાલક લોહી-લુહાણ થઈ જાય છે. તો ક્યારેક આ પતંગની દોરી વ્યકિતનું મૃત્યું પણ નિપજાવી શકે છે. ગળાના ભાગે દોરી વાગતા કેટલાકના મોત થયાના કિસ્સા પણ આપણી સામે છે. ત્યારે ઉતરાયણ પર્વમાં ગાંધીનગર શહેર-જિલ્લાના વિવિધ માર્ગો પર અચાનક દોરી આવતા ટું-વ્હીલર લઈને પસાર થતા ૨૯ નાગરીકો દોરીથી ઘવાયા છે.

જયારે પતંગ ચગાવતા પગ લપસી જતા ધાબા પરથી પટકાયાનો એક પણ કિસ્સો નોંધાયો નથી. છેલ્લા બે દિવસમાં તમામ ઈજાગ્રસ્તોએ સિવિલમાં સારવાર કરી બચાવી લીધા છે. જયારે દોરીથી ઘાયલ થયેલા ૨૯ નાગરીકોમાં એક ટુ-વ્હીલર ચાલકને ગળાના ભાગે દોરી વાગતા ૧૨ ટાંકા લેવા પડ્યા હતા.



મળતી માહિતી મુજબ ઉતરાયણ પર્વના દિવસોમાં પણ ગાંધીનગર સિવિલનો તાત્કાલીક વિભાગ ધમધમતો રહ્યો હતો. શહેર-જિલ્લાના વિવિધ માર્ગો પરથી પસાર થતા ૨૯ નાગરીકોને ગળાના-મોઢાના ભાગે દોરી આગતા ગંભીર રીતે ઈજા પહોંચી હતી. દોરી વાગતા ઈજા પામેલાઓને ટાંકા લેવાની ફરજ પડી હતી.


ઉતરાયણનો ઉત્સાહ દોરી વાગતા નિરાસામાં ફેરવાઈ ગયો હતો. ઉતરાયણ પર્વમાં શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થતા વાહનચાલકોને ગળાના-મોંઢાના ભાગે દોરી વાગતા ગંભીર ઈજાઓ પહોંચી છે. પતંગની મોજમાં અતિ ઉત્સાહમાં આવી ગયેલા પતંગબાજો નીચેની તરફ નજર સુધ્ધા નાંખતા નથી. પતંગ રસિયાઓને તંત્ર દ્વારા હરહંમેશ સાવચેતી રાખીને ઉતરાયણ પર્વની ઉજવણી કરવાની અપીલ કરાય છે. જેમાં એક ઈજાગ્રસ્તને વધુ ઈજા પહોંચી હોવાથી ગળાના ભાગે ૧૨ ટાંકા લઈને તે વ્યકિતનો જીવ બચાવી લેવાયો હતો. ત્યારે ઉતરાયણના દિવસે ૨૬ અને તા.૧૫ ના રોજ ૩ નાગરીકોને દોરીથી ઈજા પહોંચી હતી. તો બીજીતરફ નાગરીકોએ ધાબા-પતરા પરથી સલામતીપૂર્વક પતંગ ચગાવતા એક પણ કેસ નીચે પટકાયોનો ધ્યાને આવ્યો નથી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં હજુ ૨૦મી જાન્યુઆરી સુધી પવનનું જોર રહેશે. હવામાન પૂર્વાનુમાનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૨૯-૩૦ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૧-૧૪ ડિગ્રી રહેવાની સંભાવના છે. ભેજનું પ્રમાણ ૧૪થી ૪૩ ટકા વચ્ચે રહેશે. જ્યારે પવનની સરેરાશ ગતિ ૮ થી ૧૦ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.
- ઘ-રોડ પછી ગ-રોડ પણ બંધ કરતાં નગરજનોને નવા સેક્ટરોમાંથુ જુના સેક્ટરોમાં અને જુના સેક્ટરોમાંથી નવા સેક્ટરમાં જવા બહુ ફરીને જવું પડે છે. 'ચ' રોડ પર ટ્રાફિકનું ભારણ વધી જવા પામ્યું છે.
- ગાંધીનગર શહેરમાં હવે ૬૦ કિ.મી.થી વધુ ઝડપે વાહનચાલકો તો તુરંત જ કેમેરામાં તે વાહન કેદ થશે અને દંડ વસુલાશે.
- કેન્દ્રના શહેરી વિકાસ વિભાગના સચિવ દુર્ગાશંકર મિશ્રા આજે ગાંધીનગર કોર્પોરેશનની મુલાકાતે આવશે.
- ગાંધીનગર જિલ્લામાં સતત બીજે દિવસે પણ કોરોનાના ૧૫ કેસ નોંધાયા છે. આજે ડિસ્ચાર્જ લેનાર દર્દીઓની સંખ્યા શહેર અને જિલ્લામાં સમાન છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



ડોક્ટર સાહેબ, પતંગના ઘેરામાં આંગળી કપાઈ ગઈ છે, ગળુ બેસી ગયું છે, કાનમાં ધાક પડી ગઈ છે, ઉંધિયું પેટમાં દુઃખી રહ્યું છે... આટલું જ નહીં તમારી ફીના પૈસા પણ ઉતરાયણમાં વપરાઈ ગયા છે...!!

## આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના હસ્તે ૩૨૩ કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં આવતીકાલ તા. ૧૬મી જાન્યુઆરીના રોજ રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રુપાણીના હસ્તે રૂપિયા ૩૨૩ કરોડના વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અંતર્ગત ગાંધીનગરના હાર્દસમા એવા સરગાસણ, વાવોલ અને પેથાપુર ખાતે આર્થિક રીતે નબળા વર્ગ માટે ઈઉજીૈ-પ્રકારના ૨૧૦૦ આવાસોનું નિર્માણ કરવામાં આવનાર છે. આ ઉપરાંત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા સ્ટ્રોર્મ વોટર પ્રોજેકેટના કુલ- રૂપિયા ૩૨૩ કરોડના વિવિધ વિકાસ લક્ષી કામોનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે આવતીકાલ તા. ૧૬મી જાન્યુઆરીના રોજ બપોરના ૩.૩૦ કલાકે સરગાસણની ટી.પી.- ૭, એફ.પી. ૧૮૬ ખાતેથી કરાશે.

આ ખાતમુહૂર્ત સમારંભમાં અતિથિ વિશેષ તરીકે અમદાવાદ પૂર્વના સાસંદ શ્રી એચ. એસ. પટેલ, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના અધ્યક્ષશ્રી ડાૅ. રતનકંવર એચ. ગઢવીચારણ ઉપસ્થિત રહેશે.



## જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ખાતે કન્ટ્રોલ રૂમ બનાવાયો

ઉત્તરાયણના પર્વમાં પતંગબાજોની રંગત સાથે દોરીથી ઘાયલ થતાં પક્ષીઓનો જીવ બચાવવા અને તેમને સારવાર આપવાના હેતુથી જિલ્લા કલેકટર દ્વારા કરૂણા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે માટે ઉદ્યોગભવન પાસેની જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરી ખાતે એક ખાસ કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેકટરની દેખરેખ હેઠળ શહેરની 'પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ' અને 'ટીમ જંગલીઝ ગુજરાત'ના સ્વયંસેવકોએ પક્ષી બચાવની કામગીરીમાં સેવાઓ આપી હતી.

## આજે કોંગ્રેસ દ્વારા ધરણા અને પ્રતીક ઉપવાસ

ગાંધીનગર, તા. ૧૫

ખેડૂત વિરોધી કાયદાઓના રદ કરવાની માંગ સાથે પેટ્રોલ-ડિઝલના ભાવમાં થયેલા અસહ્ય ભાવ વધારાના વિરોધમાં આજે કોંગ્રેસ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતીક ઉપવાસ અને ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે ૧૨ થી ૫ દરમ્યાન યોજાનાર આ કાર્યક્રમમાં ગુજરાતના પ્રભારી રાજીવ સાતવ, પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા, વિપક્ષના નેતા પરેશ ધાનાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહેવાના છે.

કોંગ્રેસ દ્વારા આ અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## સરખેજથી ગાંધીનગર વાહનોની આવન-જાવન વધુ સુરક્ષિત કરાઈ છે : રૂચિર ભટ્ટ

રૂ. ૮૬૭ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલા સરખેજ-ગાંધીનગર-ચિલોડા રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૧૪૭ના ફલાય ઓવર સહિત છ માર્ગીકરણ અને એલિવેટેડ કોરિડોરના કામોપૈકી ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તથા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગાંધીનગરના પ્રવેશદ્વાર ઉવારસદ જંકશન ખાતે રૂ.૧૭ કરોડના ખર્ચે ફલાય ઓવર તથા ગાંધીનગર જિલ્લામાં ૨૧.૬૭ કરોડના ખર્ચે નિર્મિત ત્રિ-મંદિર અડાલજથી હનુમાનજી મંદિર સુધીના ૧૦ માર્ગીય રસ્તાનું નીતિનભાઈ પટેલના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરના પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ, સંગઠનના પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર મહાનગરના પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટે ગાંધીનગરમાં થઈ રહેલા વિકાસના કામો અંગે ખુશી વ્યકત કરતા જણાવ્યું હતું કે સરખેજી ગાંધીનગર વાહનોની આવન જાવન હવે વધુ સુરક્ષિત થઈ છે. તેમણે ફલાય ઓવરના લોકાર્પણ બદલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલનો આભાર વ્યકત કર્યો હતો.

